For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ડાંગ



(તસવીર : ગીરીશ ભોયે)

ડહેલી-વાલિયા રોડ



અંકલેશ્વર



(તસવીર : પ્રવીણ તેરૈયા)

## વરસાદે ફરી દક્ષિણ ગુજરાતની હાલત બગાડી નાખી

# અંબિકામાં સાંજે 12 ઈંચથી વધુ વરસાદ હતો, રાત્રે બે કલાકમાં વધુ 7 ઈંચ પડી ગયો

**વાગરામાં** એકનું મોત, અંકલેશ્વરમાં તણાઇ રહેલા બેને બચાવાયા

**ડાંગની** એકલવ્ય શાળાના પ્રાંગણમાં પાણી ઘૂસ્યા

**ચીખલીમાં** કાવેરી નદીએ ભયજનક સપાટી વટાવી

**ઉભરાટ**, દાંડી અને ચાંગલી ફળિયા બીચ બંધ

સુરતઃ હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની કરેલી આગાહી સાચી પડી હતી. મોડી રાતથીજ જામેલા વરસાદે સવારમાં તો દક્ષિણ ગુજરાતમાં ભુક્કા કાઢી નાખ્યા હતા. તેમાં પણ સુરત જિલ્લાના અંબિકા તાલુકામાં અધધધ... કહી શકાય તેવી રીતે 20 ઈંચ અને ઉમરપાડા અને માંગરોલ તાલુકામાં આશરે 10 ઈંચ વરસાદ પડતાં સર્વત્ર જળબંબાકાર થઈ જવા પામ્યું હતું. અંબિકામાં તો સાંજે 6થી 8ના બે જ કલાકમાં 7 ઈંચથી વધુ

...અનુસંધાન પાના 5 પર

## સુરતમાં પાંચ ઈંચ વરસાદે સર્વત્ર પાણી પાણી, ભેદવાડ ખાડી ફરી છલકાઈ

**સવારે** 10થી 12માં બે ઈંચ વરસાદને કારણે મોટાભાગના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા

સુરતઃ દક્ષિણ ગુજરાતની સાથે સુરત શહેરમાં પણ શુક્રવારે સરેરાશ 4થી 5 ઈંચ વરસાદ પડતા સમગ્ર શહેર પાણી-પાણી થઈ ગયું હતું. તેમાં પણ સવારે 10થી 12 વાગ્યા સુધીમાં બે જ કલાકમાં બે ઈંચ વરસાદે આખા જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું. સુરતમાં અને સાથે સાથે જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે ખાડીપૂર પણ આવ્યા હતા. પાંડેસરાની ભેદવાડ ખાડી છલકાઈ જવા પામી હતી. જેને કારણે આશરે 5000 લોકોનું સ્થળાંત કરવામાં આવ્યું હતું. જ્યારે અન્ય ખાડીઓમાં પણ લેવલો વધી ગયા હતા. જોકે અન્ય ખાડીઓ છલકાઈ નહોતી. સુરતમાં પડેલા ભારે વરસાદને કારણે કતારગામ, પાલ-ગૌરવપથ, સીમાડા, પાલનપુર પાટીયા, ભેંસાણ રોડ, વેસુ-વીઆઈપી રોડ, પવત ગામ, ઉધના દરવાજા, ઉધના મેઈન રોડ, પુણા, અડાજણ સહિતના વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. તંત્રએ ખાડીની આસપાસ બોટ ગોઠવી દીધી હતી. જોકે, રાત્રે વરસાદ થંભી જતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

- સાપુતારામાં દિવસે પણ હેડલાઇટ ચાલુ રાખવાની ફરજ
- ડાંગની પૂર્ણા નદીમાં દરિયા જેવા પાણી ઉછળ્યા
- વલસાડમાં નિચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યા
- તાપીના જલેબીઘાટ પર વૃક્ષ તૂટી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો
- બારડોલીમાં પણ ખાડીપૂરની શરૂઆત
- બારડોલીમાં ડીએમ નગર, નાલંદાપાર્કમાં મીંઢોળાના પાણી ઘૂસ્યા
- બારડોલીનું બાબેન ગરનાળું બંધ કરવું પડ્યું
- માંડવીના આમલી, કાકરાપાર, લાખી અને ઇસરડેમ ઓવરફ્લો

## દક્ષિણ ગુજરાતમાં 4 ઈંચથી વધુ વરસાદ ક્યાં ક્યાં?

| | |
|---|---|
| **ડાંગ જિલ્લો** | |
| સુબિર | 9.24 ઈંચ |
| વઘઇ | 6.51 ઈંચ |
| આહવા | 5.44 ઈંચ |
| સાપુતારા | 5.08 ઈંચ |
| **વલસાડ જિલ્લો** | |
| ધરમપુર | 8 ઈંચ |
| વલસાડ | 4.76 ઈંચ |
| **તાપી જિલ્લો** | |
| ડોલવણ | 7.8 ઈંચ |
| વ્યારા | 5.8 ઈંચ |
| વાલોડ | 5.8 ઈંચ |
| સોનગઢ | 5 ઈંચ |
| નિઝર | 5 ઈંચ |
| ઉકાઇ | 4.8 ઈંચ |
| **નવસારી જિલ્લો** | |
| વાંસદા | 11 ઈંચ |
| નવસારી | 8 ઈંચ |
| ખેરગામ | 8 ઈંચ |
| જલાલપોર | 7 ઈંચ |
| ગણદેવી | 4 ઈંચ |
| ચીખલી | 4 ઈંચ |
| **સુરત જિલ્લો** | |
| અંબિકા | 20.46 ઈંચ |
| ઉમરપાડા | 10.48 ઈંચ |
| માંગરોળ | 10.12 ઈંચ |
| અરેઠ | 7.72 ઈંચ |
| બારડોલી | 7.24 ઈંચ |
| ઓલપાડ | 7.08 ઈંચ |
| સુરત | 4.57 ઈંચ |
| મહુવા | 4.37 ઈંચ |
| માંડવી | 4.37 ઈંચ |
| ચોર્યાસી | 4.0 ઈંચ |

## આજે પણ સુરત, તાપી, ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, સેલવાસમાં તમામ શૈક્ષણિક સંસ્થા બંધ, વલસાડ-દમણમાં ચાલુ

આવતીકાલે તા.1લી ઓગષ્ટના રોજ ભારે વરસાદની આગાહીને પગલે સુરત, તાપી, ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ સાથે દાદરાનગર હવેલી-સેલવાસમાં તમામ શાળા અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે બે જિલ્લા વલસાડ અને દમણમાં ભારે વરસાદની આગાહી નહીં હોવાથી શાળા-કોલેજો ચાલુ રહેશે તેવું જણાવવામાં આવ્યું છે. દરમિયાનમાં રેડ એલર્ટને પગલે આજે શુક્રવારે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આંગણવાડીથી શરૂ કરીને કોલેજ સુધીની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહી હતી.

## ભારે વરસાદને લીધે ઈન્ડિગોની દીવ - સુરત ફ્લાઇટ રદ કરાઈ

**એર** ઈન્ડિયા એક્સપ્રેસની દુબઈ-સુરત ફ્લાઇટ વિલંબિત થતાં દિલ્હીની પણ ફ્લાઇટ મોડી ટેક ઓફ થશે

સુરત : સુરત એરપોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ, દીવ અને સુરતમાં પ્રતિકૂળ હવામાનને કારણે ઈન્ડિગોની દીવ-સુરત નિયમિત ફ્લાઇટનું સંચાલન સુરક્ષાના કારણોસર રદ કરવામાં આવ્યું હતું. ફ્લાઇટ રદ થતાં મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, ઈરાન-ઇઝરાયલ યુદ્ધના કારણે મધ્યપૂર્વના હવાઈ માર્ગોમાં સર્જાયેલી અસરને કારણે એર ઈન્ડિયા એક્સપ્રેસની દુબઈ-સુરત ફ્લાઇટ પણ વિલંબિત થઈ હતી. દુબઈ એરપોર્ટ પર જરૂરી ક્લિયરન્સ મોડું મળતાં ફ્લાઇટ નિર્ધારિત સમય કરતાં મોડે રવાના થઈ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, દુબઈથી આવતી આ ફ્લાઇટ શુક્રવારે રાત્રે અંદાજે 11.30 વાગ્યે સુરત એરપોર્ટ પર પહોંચવાની શક્યતા છે. આ જ વિમાન દિલ્હીથી સુરત આવી ત્યારબાદ દુબઈ જાય છે અને પરત દુબઈથી સુરત આવી દિલ્હી માટે રવાના થાય છે. પરિણામે સમગ્ર રોટેશન મોડું પડતાં સુરતથી દિલ્હી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ પણ વિલંબિત થઈ છે. આ વિલંબના કારણે સુરતથી દિલ્હી જતી ફ્લાઇટ હવે શુક્રવારના બદલે શનિવારે રાત્રે અંદાજે 12.30 વાગ્યે ઉપડશે, તેમ સુરત એરપોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું.

## 12 ઓગસ્ટ બાદ ફરી લો પ્રેશર સિસ્ટમ સક્રિય થવાની શક્યતા, દ.ગુ.ને અસર કરશે

હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે 7 ઓગસ્ટની આસપાસ રાજસ્થાન તરફ વધુ એક સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે. આ સિસ્ટમની દક્ષિણ ગુજરાત પર ખાસ અસર થવાની શક્યતા ઓછી છે. પરંતુ 12 ઓગસ્ટ પછી ગુજરાત ઉપર ફરી એક નવી લો પ્રેશર સિસ્ટમ સક્રિય થઈ શકે છે, જેના કારણે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફરી વરસાદનું જોર વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ વખતે ચોમાસામાં દક્ષિણ ગુજરાતની માઠી દશા બેઠી છે.



## દક્ષિણ ગુજરાતમાં રેસ્ક્યુ માટે સુરતમાં આર્મી સ્ટેન્ડબાય

**વડોદરાથી** 70 સભ્યોની એન્જિનિયર રેજીમેન્ટ સુરત પહોંચી

સુરત : દ.ગુ.માં રેસ્ક્યુ માટે વડોદરાથી ભારતીય સેનાની નં. 203 એન્જિનિયર રેજીમેન્ટની 70 સભ્યોની વિશેષ ટીમને સુરત બોલાવવામાં આવી છે. આ ટીમ સુરત શહેરના ઉમરા વિસ્તારમાં પહોંચી ગઈ છે અને જરૂરિયાત મુજબ રાહત તથા બચાવ કામગીરીમાં જોડાશે. સેનાની આ વિશેષ ટીમમાં કુલ 70 જવાનોનો સમાવેશ થાય છે. જેમાં એક એન્જિનિયર ટીમ, અધિકારી સહિત 12 સભ્યો, મેડિકલ ટીમ, વ્હીકલ ટીમ અને રિકવરી ટીમનો સમાવેશ થાય છે. ટીમ સાથે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ બે રેસ્ક્યુ બોટ પણ લાવવામાં આવી છે.

## દરિયામાં 60 કિમીની ઝડપે પવનની શક્યતા, માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ

હવામાન વિભાગની આગાહી મુજબ 30 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન દરિયામાં 40થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની તેમજ દરિયો તોફાની રહેવાની સંભાવના છે. આ સ્થિતિમાં દરિયામાં જવું જીવલેણ સાબિત થઈ શકે હોવાથી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરી, સુરત દ્વારા માછીમારો, બોટ માલિકો અને બોટ એસોસિએશનોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. વિભાગે તમામ બોટો, હોડીઓ અને માછીમારીના સાધનોને બંદર અથવા જેટી પર મજબૂત રીતે લંગારીને સુરક્ષિત રાખવા જણાવ્યું છે.



**દક્ષિણ ગુજરાત-મહારાષ્ટ્રમાં વરસાદી કહેરથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું**

## આકાશે ભારે 'પાણી' ઝીંકતા શાકભાજીના ભાવોમાં 'આગ' લાગી

**ખેતરોમાં** પાણી ભરાતાં પાકને ભારે નુકસાન, આવક ઘટી; ટ્રાન્સપોર્ટેશન અને પેકિંગમાં મુશ્કેલીઓથી પુરવઠો ખોરવાયો

સુરત,: દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં સમગ્ર જુલાઈ માસ દરમિયાન પડેલા ભારેથી અતિભારે વરસાદે શાકભાજીના પાકોને વ્યાપક નુકસાન પહોંચાડતાં તેની સીધી અસર હવે બજારોમાં જોવા મળી રહી છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના બજારોમાં લીલા શાકભાજીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થતાં અનેક શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે.

...અનુસંધાન પાના 5 પર

### એક જ મહિનામાં શાકભાજીના ભાવો આસમાને

| શાકભાજી | 30 જૂનનો ભાવ | 30 જુલાઈનો ભાવ |
|---|---|---|
| તુવેર | 1400/1600 | 1500/1600 |
| ગવાર | 700/800 | 1200/1600 |
| મરચાં | 800/900 | 800/1300 |
| આદુ | 2000/2500 | 2200/2700 |
| ચોળી | 600/1000 | 1500/2000 |
| સરગવો | 600/1000 | 1000/1300 |
| ગિલોળા | 300/400 | 600/900 |
| પરવળ | 400/450 | 600/800 |
| રીંગણ | 200/300 | 600/700 |
| લીંબુ | 400/600 | 700/1000 |
| દૂધી | 200/350 | 400/500 |
| ડુંગળી | 350/450 | 450/560 |
| કોબી | 300/380 | 400/600 |
| કાકડી | 150/250 | 250/350 |

**ઉપરવાસમાં ભારે વરસાદથી શુક્રવારે ઉકાઈમાં મહત્તમ 1.96 લાખ ક્યુસેકની આવક**

# હથનુરમાંથી 3.56 લાખ ક્યુસેક પાણી છોડાયું ઉકાઈમાં 4 લાખની આવક થવાની સંભાવના

**પ્રકાશા** ડેમમાંથી પણ 1.43 લાખ ક્યુસેક પાણી છોડાતાં 12 કલાકમાં 4100 MCM પાણી આવવાની આગાહી

સુરતઃ ઉકાઈ ડેમના ઉપરવાસમાં આવેલા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન ધોધમાર વરસાદ નોંધાતા તાપી નદીના જળપ્રવાહમાં નોંધપાત્ર વધારો થયો છે. ભારે વરસાદને પગલે હથનુર અને પ્રકાશા ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. શુક્રવારે ઉકાઈ ડેમમાં 1.96 લાખ ક્યુસેક પાણીની આવક નોંધાતા ડેમની સપાટી વધીને 318.30 ફૂટે પહોંચી હતી.

ઉપરવાસના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. યેરલીમાં સૌથી વધુ 234 મીમી વરસાદ પડ્યો હતો. ધુપેશ્વરમાં 181 મીમી, નવાથામાં 150 મીમી, ધુલિયામાં 148 મીમી, નરાણેમાં 135 મીમી, સાવખેડામાં 123 મીમી અને લુહારામાં 120 મીમી વરસાદ નોંધાયો

...અનુસંધાન પાના 5 પર

### ઉપરવાસમાં ભારે વરસાદના મુખ્ય આંકડા

| વિસ્તાર | વરસાદ |
|---|---|
| યેરલી | 234 મીમી |
| ધુપેશ્વર | 181 મીમી |
| નવાથા | 150 મીમી |
| ધુલિયા | 148 મીમી |
| નરાણે | 135 મીમી |
| સાવખેડા | 123 મીમી |
| લુહારા | 120 મીમી |
| ભુસાવલ | 117 મીમી |
| સેલગાવ | 112 મીમી |

...અનુસંધાન પાના 5 પર

### ડેમની સપાટી પાંચથી સાત ફૂટ વધી શકે

સેન્ટ્રલ વોટર કમિશને બપોરે એક વાગ્યે જાહેર કરેલી આગાહીમાં જણાવ્યું છે કે આગામી 12 કલાક દરમિયાન ઉકાઈ ડેમમાં અંદાજે 4100 એમસીએમ પાણીની આવક થઈ શકે છે. આ જથ્થો ડેમમાં પહોંચતા આગામી એક દિવસ દરમિયાન ઉકાઈ ડેમની સપાટીમાં અંદાજે 5થી 7 ફૂટ સુધીનો વધારો થઈ શકે છે. પરિણામે ડેમના જળસ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે.

લાલબેંક-104ના વર્ષમાં મંગલ પ્રવેશ
ધી રાંદેર પીપલ્સ કો.ઓ. બેંક લિ.
Since 1st August 1923
સૌ માનવંતા સભાસદો-ગ્રાહકોને અભિનંદન અને આભાર
પુરોગામી પથ
અમારે મન દીવાદાંડી
લોન યોજના
E-Vehicle ૮.૦૦%
વાહન લોન ૮.૨૦%
૯.૦૦% મશીનરી લોન
વિશાલ સેલર, ચેરમેન — મહેશ ભારતી, વાઈસ ચેરમેન
ઉમેશ દેસાઈ એમ.ડી. — સી.વાય.ભટ્ટ એડવાઈઝર — દિલીપ જરીવાળા એડવાઈઝર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ - કર્મચારી ગણ
: મુખ્ય કચેરી : ઉમડ ફળિયા, બોટાવાલા માર્ગ, રાંદેર ફોનઃ ૨૭૬૫૯૫૧, ૨૭૬૨૬૨૨
: સહારા દરવાજા બ્રાંચ : ન્યુ બોમ્બે માર્કેટ, એ-૨૩૨, ઉમરવાડા ફોનઃ ૨૩૨૩૬૪૧, ૨૩૩૫૨૧૮

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

તેરમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. મહેશભાઈ હરકીશનદાસ કંથારીયા
જન્મ તા.૧૯/૦૩/૧૯૫૨
સ્વ.તા.૦૧/૦૮/૨૦૧૩
સુખથી કદી છલકાયા નહીં, દુઃખથી કદી ડગ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં ધર્મ કદી ભુલ્યા નહીં, જીવનમાં હરપળ હસતા રહ્યા, જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ગયા અને પરિવારથી વિખુટા પડી અનંતયાત્રાએ ચાલ્યા ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
કંથારીયા પરિવારની પ્રાર્થના...
લિ.
ગં.સ્વ.ગીતાબેન મહેશભાઈ કંથારીયા
તુષાર મહેશભાઈ કંથારીયા — યેશા તુષાર કંથારીયા
લખન મહેશભાઈ કંથારીયા — સમકીતા લખન કંથારીયા
જયેશભાઈ નગીનભાઈ ડુમસીયા — તૃષ્ણાબેન જયેશભાઈ કંથારીયા
દેવીન્દ્રા, દિવ્યાંશી, રીતીશા, વંશિકા, વાણી, ગ્રેશી આદિત્ય, ગ્રીશા
તથા સમસ્ત કંથારીયા પરિવાર

પંદરમી પૂણ્યતિથી — શ્રધ્ધાંજલિ — સોળમી પૂણ્યતિથી

સ્વ. તા. ૧-૮-૨૦૧૧
સ્વ. જયંતિલાલ આર. પટેલ
માજી જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, સુરત.
જીવનભર કઠોર પરિશ્રમ કરીને શૂન્યમાંથી સર્જન કરી, ધાર્મિક, કર્મનિષ્ઠ, સાદગીભર્યુ નિયમિત સાદુ સરળ જીવન, ઉચ્ચ વિચારો, મજબુત મનોબળ તથા અટલ વ્યક્તિત્વ ધરાવી, કર્મને જીવન મંત્ર બનાવી પરિવારને સમૃધ્ધ બનાવનાર એવા પૂણ્યશાળી આત્મા તરફથી એમના જેવું જીવન જીવવાની પ્રેરણા મળતી રહે એવા આશિર્વાદ સતત વર્ષાવતા રહેશો.
પ્રભુ આપના પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એવી ભાવભીની શ્રધ્ધાંજલિ સાથે પ્રાર્થના.

સ્વ. તા. ૨૨-૮-૨૦૧૦
સ્વ. લલીતાબેન જે. પટેલ
લિ. તમારા શોકાતુર બાળકો તથા પરિવારજનો
નિવાસ સ્થાન :: ૪, પરિબ્રહ્મા સોસાયટી, વિ.-૧, સાંઈકૃપા સોસાયટીની સામે, રાંદેર રોડ, સુરત. મો. : ૯૮૨૪૧ ૪૦૮૧૫

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. પરેશભાઈ પરભુભાઈ પટેલ (વોલ્ટી)
સ્વ. તા.૩૧/૦૭/૨૦૨૬
ગામ : ભાટપોર, દરજી ફળિયું
ભાઇશ્રી પરેશભાઇ (વોલ્ટી)
આપની નિર્મલ નિખાલસતા, નિરંતર કાર્યશીલતા, આપનો સૌમ્ય, સેવાભાવી સ્વભાવ, ગીતાધર્મને ભૂલ્યા વિના, સમાજમાં એક ધૂપસળી જેવું મહેકતું જીવન સૌના હૃદયમાં ઝંકૃત થઈ અશ્રુ વહાવી જાય છે. પારિવારિક આપ્તજનો ઉપરાંત સમાજમાં ઉદ્દભવેલો ખાલીપો સદૈવ વણપૂર્યો રહેશે. વ્યાપક જીવન ઉજાગર કરી જનારા આવા દિવ્યાત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના...
લિ.
બળવંતભાઈ ચંદુભાઈ પટેલ — યશવંતીબેન બળવંતભાઈ પટેલ
નિલેષભાઈ નરોત્તમભાઈ પટેલ — અમીષાબેન નિલેષભાઈ પટેલ
બંટીકુમાર બળવંતભાઈ પટેલ — નિલમ બંટીભાઈ પટેલ
સમીરકુમાર બળવંતભાઈ પટેલ — અંકિતા સમીરકુમાર પટેલ
તથા સમસ્ત પરિવાર

છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન

સ્વ. C.A. રાજેશ ગોપાલચંદ જૈન
સ્વ તા. ૦૧/૦૮/૨૦૨૦
સ્મિત ભરેલું જીવન જીવી ગયા, સ્નેહથી સૌના હૈયામાં વસી ગયા, આપની પ્રેમાળ છબી અમારા હૈયામાં અકબંધ રહેશે. સમય તો વિતતો જશે પરંતુ આપની સેવા રૂપી છાયા સદાય અમારી સાથે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના..
લિ. શોકાતુર
પ્રતિભા રાજેશ જૈન (ધર્મ પત્ની)
મુકેશ-સુષમા (ભાઈ-ભાભી)
રાહુલ-શાલિની (પુત્ર-પુત્રવધુ)
મેહુલ-અમિતા (પુત્ર-પુત્રવધુ)
પુનિત-નીતિ (ભત્રીજા-ભત્રીજા વધુ)
પુલકિત-અભિપસા (ભત્રીજા-ભત્રીજા વધુ)
પ્રમિલા જૈન (કાકી)
તારાચંદ - નીલકમલ (કાકા - કાકી)
નિર્મલા (ચાચી)
ધ્વની, ધ્રુવી (પૌત્રી), જીનાંશ, પ્રાંશ (પૌત્ર)
તથા સમસ્ત સંચેતી પરિવાર
જૈન રાજેશ એન્ડ કંપની (ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ) - સુરત.